# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

Vol. No. 24 ❖ Issue : 07 ❖ Pages : 28 ❖ January - 2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત તથા
સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત



## ઝાલાવાડ સમાજ સંગઠીત અને એકતામાં સિંહફાળો એટલે 'ઝાલાવાડ જૈન દર્શન'ને શરૂ કર્યા ને ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી વર્ષ

સૌથી વિશેષ અગત્યની અને સંઘની અત્યારસુધીની કારકીર્દીમાં મહત્ત્વનો ફાળો આપનાર સંઘની માસિક પત્રિકા (મુખપત્ર) 'ઝાલાવાડ જૈન દર્શન'ના પ્રથમ અંકનું વિમોચન શ્રેષ્ઠીવર્ય વડીલ શ્રી દામોદરકાકાના અધ્યક્ષપમા હેઠળ સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકા બાબત પચાસ વર્ષ પહેલા સંઘના સૂત્રધારો વર્ષોથી વિચારતા હતા કે સંઘના સભ્યો દૂર-દૂર પરાઓમાં વસવાટ કરવા લાગ્યા કે ત્યારે આવા સભ્યોનો સંપર્ક કરવા સંઘના વિકાસ-ઉત્કર્ષ-પ્રવૃત્તિ-પ્રગતિ અને નવીન યોજનાઓને મૂર્તિમંત કરવા - ભાઈચારાની ભાવના કેળવવા સંઘના વિકાસમાં સહભાગી બનવા સંઘના કાર્યોની આગળ ધપાવવા - સંઘ પ્રવૃત્તીને વેગ આપવા અને સમાજના પરિવારોની જરૂરિયાતો જાણવા સંઘનું મુખપત્ર આવશ્યક જ નહિં પરંતુ અનિવાર્ય છે. પરંતુ મુખપત્રની જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર થતું નહોતું તેવા સમયે સંઘના કાબેલ મંત્રી, કુશળ વહીવટકર્તા સમાજગૌરવ શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહે ઘાટકોપર મંડળના મંત્રી શ્રી જયંતીભાઈ અમીચંદ કુવાડીયાની કુનેહ અને આયોજન શક્તિ, આધુનિક વિચારો ધરાવતા અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી જયંતીભાઈ વિષે સંઘની મીટીંગમાં રજૂઆત કરી અને એકી અવાજે શ્રી જયંતીભાઈની સંઘમાં સીધી મંત્રી તરીકે અને સ્થાપક તંત્રી તરીકે નિમણૂંક કરી.

આવી સુંદર પત્રિકાના માધ્યમ દ્વારા મંડળોની પ્રવૃત્તિથી વાકેફ રાખવા જે પ્રયત્નો કર્યા તે અભિનંદનીય છે. પત્રિકાના માધ્યમથી સંનિષ્ઠ કમીટી મેમ્બરો, સેવાભાવી કાર્યકર્તાઓ અને દાનવીર દાતા શ્રેષ્ઠીઓની ફોજ સાંપડી છે. આવા સુંદર પ્રતિસાદ દ્વારા જ સંઘની ફાઉન્ડેશન, ઝેડ.બી.એફ. અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટની અનેક યોજનાઓ પૂર્ણ થઈ શકી છે. તેમાં પત્રિકાનો સિંહફાળો રહેલ છે. આવા ભગીરથ અનુપમ કાર્ય માટે પત્રિકાના સ્થાપક તંત્રી મહ્દ અંશે યશના અધિકારી બની રહ્યા છે.

૧૯૯૦ની સાલમાં પત્રિકાની જવાબદારી શ્રી જયંતીભાઈ એ. કુવાડીયા, શ્રી અનોપચંદભાઈ કે. શાહ, શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ, શ્રી દીપકભાઈ જી. ગાંધી દ્વારા પત્રિકાને નવા રૂપ-રંગ આપી સંઘની વિકાસ ગાથાને સમાચારો - તંત્રીલેખો દ્વારા અવર્ણનીય પ્રયાસથી ચેતવંતી - ધબકતી રાખી છે. પત્રિકા સોળે કળાએ ખીલી ઉઠી છે. આવા સમયમાં પત્રિકા સવિશેષ પ્રગતિ કરી સમાજ સેવાને વધુ ઉજળું બનાવે તેવી.

(અનુસંધાન પેઈજ નં.૬ ઉપર)

SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

परिवारना मोभी, समाजसेवाना भेखधारी

# શ્રી રસિકલાલ અમૃતલાલ મણિયારને સ્મરણાંજલી...



આપણા સમાજ ના એક મહાન આદર્શ વ્યક્તિ શ્રી રસિકભાઈ અમૃતલાલ મણિયાર નું જીવન પરોપકારી, સેવાભાવી તથા દાનશીલતાનું જીવંત પ્રેરણા સ્તોત્ર અને દીર્ઘદ્રષ્ટિના પ્રતીક રહ્યા છે. તેઓએ સાધર્મિક લોકો માટે વઢવાણ સુરેન્દ્રનગરમાં હોસ્પિટલો, શાળાઓ, કોલેજો, યુનિવર્સીટી, ગૌશાળા, પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ તથા અન્ય સંસ્થાઓ માટે અમૂલ્ય યોગદાન આપી ને તેમને અસંખ્ય જીવો ને પ્રકાશિત કર્યા હતા. તેમની કરુણા અને ઉદારતાએ સુરેન્દ્રનગર, વઢવાણ તથા મુંબઈ માં અનેક લોકો ને પ્રભાવિત કર્યા છે. તેમના જ્ઞાન, દાન, સુઝબુઝ તથા સેવાની ભાવનાએ સમાજ ને અને સંસ્થાઓ ને નવી દિશા આપી છે.

સૌરાષ્ટ્ર ના સુરેન્દ્રનગર જિલ્લા માં વઢવાણ ગામ માં એમનો જન્મ ૨૩ ફેબ્રુઆરી ૧૯૩૫ માં થયેલ હતો. તેઓશ્રી મુંબઈ માં ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ માં અરિહંત શરણ પામેલ છે. તેઓએ ૯૦ વર્ષ ની ઉંમરે ચિરવિદાય લીધી છે. તેમનું અવસાન નહીં પરંતુ એક યુગ નો અંત છે – એ યુગ જેમાં માનવતા, કરુણા અને સમાજ સુધારણા નું દીપ પ્રગટાવનાર એક મહાન આત્મા નો ઉદય થયો હતો.

વઢવાણ સંઘ શાસિત વ્યવસ્થા – પાંજરાપોળ ની વ્યવસ્થા – દેરાવાસી વાડી – લાલચંદજી અને રંભાબેન ઉપાશ્રય – સ્ત્રી બાળકોના દવાખાના સાથે રતનપર જૈન સંઘ માં જિનમંદિર, ઉપાશ્રય, આયંબિલશાળા ની તથા – પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજ સંસ્થા  ની વહીવટી સંચાલન – કોઠારીયા ગૌશાળા – ઝાલાવાડ ફાઉન્ડેશન માં સાધર્મિકો માટે કાળજી – મણિયાર નગર માં સાધર્મિકો માટે નિ:શુલ્ક મકાન ની વ્યવસ્થામાં પણ તેમનું યોગદાન મુખ્ય રહ્યું હતું.

મેડિકલ સારવાર – એજ્યુકેશન – વ્યવસાયિક લોન – સાધર્મિક ભક્તિ માટે દર મહિને મનીઓર્ડર થાય તે વ્યવસ્થા નિમિત્તે ઝાલાવાડ ફાઉન્ડેશન માં જાગૃત રહ્યા અને આવી અનેક વ્યવસ્થાઓ માટે રસિકભાઈ નું યોગદાન રહ્યું છે. સામાજિક સંસ્થાઓ માં સરકારની ગ્રાંટો મેળવવી – સંસ્થાની વ્યવસ્થા માં મોટા ખર્ચ ને મેનેજ કરવા મોટા દાનવીરોના સંપર્ક કરી સંસ્થાને મુશ્કેલી ના રહે તે માટે દાન લાવી આપતા. તેની કાળજી હંમેશા રાખી હતી.

તેઓએ પિતાશ્રી સમાજરત્ન શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પ્રેરિત શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનની સ્થાપના કરેલ હતી – રસિકભાઇએ કુષ્ઠ રોગીઓ માટે બાબા આમ્ટે ના નેજા હેઠળ આનંદવન આશ્રમની Knit India Movement માં કાર્યરત થયા હતા – ધરતીકંપ વખતે ઝાલાવાડના ગામોમાં પરિવારો માટે આર્થિક યોગદાન, મોરબીના પૂર વખતે ખૂબ કાર્યરત થઇ આર્થિક સહયોગ આપેલ હતો – શ્રી વર્ધમાન ભારતી ટ્રસ્ટ ના નેજા હેઠળ શ્રી એમ.પી.શાહ કૉમેર્સ કોલેજ – શ્રી સી. યુ. શાહ એન્જીનીરીંગ કોલેજ તથા યુનિવર્સિટી – મૈત્રી વિદ્યાપીઠ – બાલાશ્રમ – લોકવિદ્યાલય માં ટ્રસ્ટી તરીકે કાર્યરત રહીને યોગદાન આપ્યું હતું.

રસિકભાઈ મહાવીર હાર્ટ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન માં અગ્રણી ટ્રસ્ટી તરીકેનું યોગદાન આપ્યું હતું – તેઓ શ્રી મુંબઈ જીવદયા સંસ્થા માં કાર્યરત હતા – વાડિયા હોસ્પિટલ માં પેડિયાટ્રિક ઈન્ટેન્સીવ કેયર યુનિટ માટે ખૂબ મોટું અનુદાન એમના તરફથી થયેલ હતું – હિન્દુ રિલીફ કમિટી ના નેજાહેઠળ દાવા ન કરાયેલા મૃતદેહની ધર્મ પ્રમાણેની અંતિમ ક્રિયા કરવા માં એમનો મહત્વનો ફાળો હતો.

છેલ્લે આ આત્માને વિદાય કરતા સમયે અમે એમની યાદો ને હૃદય માં સમાવીએ છીએ. તેમનું જીવન એક પ્રકાશપુંજ હતું. આવા મહાપુરુષો ની કમી ક્યારેય પૂરી થતી નથી પરંતુ તેમનો વારસો સમાજને  આગળ વધવાની પ્રેરણા આપશે. તેમનું જીવન દિવાદાંડી સમાન હતું તથા અમારા પરિવાર માટે સદાયે હૃદયમાં રહેશે.

શ્રી રસીકભાઈને શ્રધ્ધાંજલીના પુષ્પો અર્પણ કરતા પુણ્યાત્માને હૃદય વંદના. તેમના પરમ પવિત્ર દિવ્ય આત્માને પ્રભુ શરણમાં લઈ પરમશાંતિ અર્પે એજ અભ્યર્થના

**શ્રેષ્ઠીવર્ય સમાજરત્ન શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પરિવાર તથા સ્નેહીજનો**

**સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી પોતાના હૈયાથી**
**ઓળખાતા મુખ પર મધુર સ્મિત અને અંદરમાં ઊર્મિ, સૌમ્ય સ્વભાવવાળા,**
**સ્પષ્ટ વક્તા, જીવદયા પ્રેમી કરુણા ભાવથી ભરપૂર વ્યક્તિત્વ.**

તેમના આત્મશ્રેયાર્થે શ્રી સંઘને નીચેના શુભખાતાઓમાં ભેટ આપવામાં આવેલ છે.

સાધર્મિક ભક્તિ રૂા.3000/–, કેળવણી સહાય રૂા.3000/–, તબીબી સહાય રૂા.3000/–, તપશ્ચર્યા ભેટ રૂા.3000/– , સમૂહલગ્ન ભેટ રૂા.3000/–, પત્રિકા ભેટ રૂા.3000/–,

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**
**-: ચેરમેન એપેક્ષ :-**
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ
**-: પ્રમુખ :-**
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ
**-: ઉપપ્રમુખ :-**
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ
**-: મંત્રી :-**
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ
**-: સહમંત્રી :-**
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ
**-: ખજાનચી :-**
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ
**-: સહ ખજાનચી :-**
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ
**-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર – કારો.કમીટી :-**
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ
**-: ટ્રસ્ટીશ્રીઓ :-**
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
**-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-**
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ
**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮
ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.
છૂટક મુલ્ય રૂા.૩/-
**Email :**
zalawadjainsangh@gmail.com
**Website :**
www.zalawadjainsangh.org

**-: મુદ્રક :-**
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

## તંત્રી સ્થાનેથી....

## ‘સમૂહલગ્ન’ના આયોજનો નિષ્ફળતા તરફ જઈ રહ્યો છે ત્યારે.....

આપણા ઝાલાવાડી સમાજમાં લગભગ આજથી ૪૫ વર્ષ પહેલા સમૂહલગ્ન આયોજન શરૂ થયા ત્યારે શરૂઆતમાં આવા લગ્નોમાં જોડાવા થૌડો ખચકાટ હતો. છતાં પણ તે સમયે સમયની જરૂરિયાતના હિસાબે ધીરે ધીરે લોકો–પરિવારો તેમાં જોડાવા લાગ્યા. એક સમય એવો આવ્યો કે આપણા શ્રી સંઘને એક વર્ષમાં ત્રણ વખત ‘સમૂહલગ્ન’નું આયોજન કરવું પડ્યુ હતું. ૫૦માં સમૂહલગ્નને માંડવે જોડાયેલ ૨૦ યુગલોની યાદ આવે તેની સાથોસાથ શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે સમૂહલગ્નના માંડવે પ્રભુતામાં પગલા પાડતા ૧૯ યુગલો યાદ આવી જાય છે.

હજુ હમણાંજ ગત વર્ષ રવિવારના દિવસે ૮૪મો સમૂહલગ્ન યોજાયો હતો. આમંત્રણ પત્રિકા છપાઈ ત્યાંસુધી માત્ર એકજ લગ્ન હતું. છેલ્લી ઘડીયે બીજુ લગ્ન આવ્યુ. પરંતુ આ બંન્ને લગ્નમાં એક જ પક્ષ ‘ઝાલાવાડી’ હતો. આવા સમયે આપણા સૌની પવિત્ર ફરજ છે કે આપણે જે ભાવનાથી આ પ્રથા શરૂ કરી હતી તે ભાવના વર્તમાનમાં જોવા મળે છે ખરી? આ વિષે ગંભીર વિચારણા કરવાની જરૂર લાગે છે ખરી? આપણે વર્ષમાં બે વખત સમૂહલગ્નનું આયોજન કરતા હતા હવે વર્ષમાં એકજ સમૂહલગ્નનું આયોજન કરતા હોવા છતા આ પરિસ્થિતિ શા માટે ?

આવા સમૂહલગ્નના આયોજન માટે આપણને ચાર દાતાઓ તરફથી રૂા.૨૫ લાખનું કાયમી ફંડ પ્રાપ્ત થયું છે. આજે આપણી પાસે લગભગ રૂા.૩૦ લાખનું કોરપસ છે. છતાં પણ જો પરિવારો આ પ્રથાથી વિમુખ થતા જતા હોય તો આપણે આ વિષે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. આની સાથો–સાથ અમારે એક બીજી વાત તરફ સૌનું ધ્યાન દોરવું છે. સાધારણ કે મધ્યમ વર્ગના પરિવારો દેખા–દેખીથી કે સગા–સંબંધીમાં બતાવવા માટે લોન કે દેવું કરીને હોલ–વાડીમાં લગ્ન કરે છે. આ બાબતમાં જાગૃતી લાવી ખૂબજ વિચારવા જેવું છે. સાધન સંપન્ન – સુખી પરિવારના દિકરા–દીકરીના લગ્ન ધામ–ધૂમથી કરે તે તેમને પરવડતું હોય છે. હાલમાં હોલ–વાડી–જમણ અને અન્ય ખર્ચાઓ ખૂબજ વધી ગયા હોવાથી સામાન્ય કે સાધારણ પરિવારે દેખા–દેખી કે અનુકરણ ન કરવું જોઈએ.

આપણે શ્રી સંઘ દ્વારા ‘ઝાલાવાડ જૈન સગપણ સેતુ’ના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં અનેક યુવક–યુવતીઓએ પ્રભુતામાં પગલા પાડેલ છે. ‘વેવિશાળ’ની સમસ્યાને હલ કરવા સહાયભૂત બની શક્યા છીએ. આપણે હવે અંધારામાં અટવાયેલા રહેવાને બદલે ‘સમૂહલગ્ન’ આયોજન વિષે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે.

### શું વાંચશો..? આ અંકમાં...

★ શ્રી સંઘ : અખાત્રીજ પેકેજ યાત્રિકભવન, સમૂહલગ્ન વિષે ★ સંઘ શ્રધ્ધાંજલી : શ્રી રસીકભાઈ મણીયાર, શ્રી કાન્તીભાઈ માથુકીયા, શ્રી ગિરધરભાઈ કુવાડીયા, શ્રી વિનુભાઈ શાહ ★ શ્રીમતી હેમલતાબેન કિર્તીભાઈ કોઠારી શ્રધ્ધાંજલી ★ શ્રીમતી સોનલબેન શૈલેષભાઈ શાહ જન્મદિવસ ★ ઝેડ.બી.એફ. ક્રિકેટ ટુર્નામેન્ટ ★ પરામડંળ–મહીલા મંડળ અહેવાલ – સમાચાર ★ જન્મદિવસ – લગ્નદિવસની શુભેચ્છા ★ વ્હાલાની વસમી વિદાય વેળાએ ★ શુભ વેવિશાળ ★ ચૈત્રી શાશ્વતી નવપદજી ઓળી વિષે ★ ધાર્મિક શિક્ષણનો આદેશ ★ સિધ્ધિમ ગ્લોબલ સ્કુલ ★ વઢવાણ પાંજરાપોળ વિષે ★ પરામંડળોના કાર્યક્રમ વિષે

**ફેબ્રુઆરી – ૨૬ના અંકમાં શ્રીમતી સોહીણીબેનની શ્રધ્ધાંજલી આપવામાં આવશે.**

**શાશ્વતાતીર્થ સિધ્ધાચલ ગીરીરાજની પવિત્ર પાવનકારી પુણ્યભૂમિ પર**
**ચૈત્ર માસની નવપદજી આયંબીલ ઓળી કરાવી પુણ્ય કમાવાનો અપૂર્વ સુવર્ણ અવસર.....**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ સંચાલિત
## શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ - પાલીતાણા

આપણા શ્રી સંઘ સંચાલિત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિકભવનમાં અત્યાર સુધી શાશ્વતી નવપદજી આયંબીલ ઓળી પાંચ વખત કરાવી સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠી દાતાશ્રી પરિવારો લાભ લઈ પુણ્યનું ઉપાર્જન કરી ભાથુ બાંધેલ છે. આ પાંચેય ઓળીમાં જોડાયેલા તપસ્વી આરાધકોએ ધર્મ આરાધના સાથે આયંબીલ ઓળી સુખશાતા પૂર્વક પૂર્ણ કરી ધન્યતા પામેલ છે. આપણા યાત્રિકભવનની બ્લોકની સંખ્યા પ્રમાણે દરેક ઓળીમાં ૧૦૮ આરાધકો જોડાયેલા હતા. આ ત્યારેજ શક્ય બન્યું છે કે સંઘના હોદ્દેદારોના સંપૂર્ણ દેખરેખ – સુવ્યવસ્થિત આયોજન અને તપસ્વી આરાધકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તેની કાળજી લેવામાં આવેલ હતી. પાંચેય ઓળીના દાતાશ્રીઓ પરિવારના સભ્યો સાથે ઉપસ્થિત રહેતા હતા. દરેક દાતાશ્રી પરિવારોએ સંતોષકારક ઉલ્લેખ કરી શ્રી સંઘનો આભાર માનેલ હતો. અત્યારસુધી પાંચ ઓળીના લાભાર્થી પરિવારો : (૧) માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ હીંમતલાલ શાહ પરિવાર (રામપુરા–ભંકોડા–વાલકેશ્વર) (૨) માતુશ્રી રંજનબેન હર્ષદરાય દીપચંદ શાહ પરિવાર (લીંબડી–વાલકેશ્વર) (૩) શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ ખીમચંદ શાહ પરિવાર (ખેરવા–દાદર) (૪) શ્રીમતી લલિતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવાર (ચુડા–જુહુ–વિલેપાર્લા)

(૫) પાંચમી ઓળીના કુલ નવ દાતાશ્રી પરિવારો તરફથી (૧) શ્રી અતુલભાઈ રમણીકલાલ પરીખ (લીંબડી–વિલેપાર્લા) (૨) માતુશ્રી ઉષાબેન ચંદ્રેશભાઈ શાહ (બે નામ) (સુરેન્દ્રનગર–અંધેરી) (૩) શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ (ખેરવા–દાદર) (૪) શ્રીમતી ચંદનબેન અરવીંદભાઈ શાહ (ધોલેરા–બોરીવલી) (૫) શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ (મૂળી–ગોરેગામ) (૬) શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (સુરેન્દ્રનગર–અંધેરી) (૭) શ્રી કિરણભાઈ કાંતીલાલ શાહ (બોટાદ–અંધેરી) (૮) શ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઈ સલોત (બોટાદ–કુર્નુલ). ૨૦૮૨નાં ચૈત્રમાસની શાશ્વતા શ્રી નવપદજી આયંબિલ ઓળી કરાવવાની ભાવના હોય તે પરિવારોએ નીચે જણાવેલ મો.નં. પર સંપર્ક કરી વધારે માહિતી અને વિગતો મેળવવા વિનંતી.

❖ ૧૦૮ તપસ્વી આરાધકોના મુખ્ય ખર્ચાની વિગતો : ❖ રેલવે ટિકટ ❖ યાત્રિકભવન બ્લોક ભાડુ અગિયાર દિવસ ❖ અત્તરવાયણા–પારણા મિઠાઈ તથા ફરસાણ અને ભોજન આયંબિલ સાથે રસોઈ ખર્ચ.

કુલ ખર્ચ ૬ લાખ ૭૫ હજાર રૂપિયા આવે છે. ઉપરોક્ત ઓળીનો લાભ ત્રણ પરિવાર સાથે મળીને લઈ શકે છે. આગામી વિ.સં.૨૦૮૨ના ચૈત્ર સુદ–૭ને તા.૨૫–૩–૨૦૨૬ થી તા.૨–૪–૨૦૨૬ના નવ દિવસ જેથી અત્તરવાયણા ૨૪–૩–૨૦૨૬ પારણા ૩–૪–૨૦૨૬ સુધી ૧૧ દિવસ રહેશે.

❖ મનની શાંતિ – શરીરની સ્વસ્થતા અને આત્માની પવિત્રતાનો ત્રિકોણ એટલે આયંબિલ તપ. આધિ–વ્યાધિ અને ઉપાધિરૂપ સગડીમાં શેકાતા સંસારી જીવોને મળતી ઠંડક – એટલે આયંબિલ તપ. દુ:ખ દરિદ્ર અને દુર્ભાગ્યનો નાશ કરનાર તપ – એટલે આયંબિલ તપ.

**સંપર્ક : મહેન્દ્રભાઈ શાહ – ૯૮૨૧૪૧૩૩૭૭ / મુકેશભાઈ શાહ – ૯૮૬૯૦૪૦૧૫૦**


Vision OPTICS — SINCE 1991

Opticals & Contact Lenses

9, Laxmi Palace, 60 Feet Road, Ghatkopar (East), Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency, Plot No. NDR 22 , Tilaknagar, Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

NEW MAHAVIR TRAVELS

Available Rental Car / Taxi in Surendranagar

Innova - Ertiga - Swift Desire

Tempo Traveller - EECO

*Available at Discounted Price*

*Contact :*

Gautambhai Kothari - 9898166768

Darshanbhai - 8780028856

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ
## સાયન-માટુંગા-વડાલા-દાદર

**અંતરીક્ષજી યાત્રા પ્રવાસ**

**તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા.૧૩/૦૯/૨૦૨૫**

ઉપરોક્ત ઝાલાવાડ મહિલા મંડળ દ્વારા આયોજિત અંતરીક્ષજી યાત્રા પ્રવાસમાં કુલ ૪૫ બહેનો જોડાયેલા હતાં.

તા. ૧૧ ગુરુવાર સાંજે ૭:૦૦ કલાકે તમામ યાત્રીઓ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પર ભેગા થયા. ત્યાંથી અમરાવતી એક્સપ્રેસ દ્વારા આકોલા જવા રવાના થયા. બધા યાત્રીઓ સમયસર સ્ટેશન પર પહોંચી ગયા હતા અને પોતાની કન્ફર્મ સીટ પર ગોઠવાઈ ગયા હતા. ટ્રેન શરૂ થતાં દાદાની ભક્તિ કરી અને આરામ કર્યો.

સવારે ૬:૦૦ વાગ્યે આકોલા સ્ટેશન પહોંચ્યા. ત્યાંથી આપણી એ.સી. બસ દ્વારા તમામ યાત્રીઓને અંતરીક્ષજી લઈ જવાયા. ત્યાં પહોંચીને સૌને પહેલા નવકારસી કરાવવામાં આવી. ત્યારબાદ એ.સી. રૂમ એક માં ચાર જણા આરામ તેમજ તૈયાર થવા માટે આપી..

દરેક બહેનો પૂજાના વસ્ત્રોમાં સવારે ૯:૦૦ વાગ્યે દેરાસર પહોંચ્યા. દાદાની ખૂબ જ સુંદર સેવા, પૂજા અને ભક્તિ કરી. ત્યારબાદ બહારના નવાસંકુલમાં ચાલતા શક્રસ્ત્વ પૂજન નો પણ અભિષેકનો લાભ લીધો અને બપોરે ૧૨:૦૦ વાગ્યે ભોજનાલય માં ભોજન માટે પધાર્યા.

ભોજન બાદ બપોરે ૧:૩૦ વાગ્યે બાલાપુર તરફ રવાના થયા. બાલાપુર દેરાસરના દર્શન કર્યા બાદ પાછા આકોલા પહોંચ્યા. આકોલા દેરાસરના દર્શન કર્યા પછી ત્યાં ચોવિયાર કર્યા બાદ આકોલા સ્ટેશન પહોંચી અમરાવતી એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ રવાના થયા.

માર્ગમાં દાદાને યાદ કરતા ભક્તિ કરી અને આરામ કર્યો. સવારે વહેલા દાદર પહોંચીને ફરી સરસ રીતે યાત્રા કરવા મળવાની ભાવના સાથે સૌ ખુશીથી વિદાય લીધી.

૧. તા.૨૪/૫/૨૫ નટુભાઇ સર સાયન ના તેમના આત્માશ્રેયાર્થે પંચકલ્યાણક પૂજા ભણાવીને મંડળને રૂપિયા ૨૦૦૦ ભેટ તથા રૂા.૧૦૦/- ની પ્રભવના કરેલ..

૨. તા. ૪/૬/૨૫ જેઠ સુદ નોમ ના પલ્લવી ગાંધી તથા પન્ના કુમારભાઈ શાહ તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે પંચકલ્યાણક પૂજા ભણાવી ને મંડળને રૂા.૨૨૦૦/- ભેટ તથા રૂા.૫૦/- ની પ્રભાવના કરેલ હતી.

૩. તા.૪/૬/૨૫ સવિતાબેન બાબુભાઈ તરફથી વેદનીય કર્મ પૂજા ભણાવી (હસ્તે દેવીબેન શાહ ) મંડળને રૂા.૧૦૦૦/- ભેટ તથા બહેનોને રૂા.૨૦/- ની પ્રભાવના.

૪. તા.૧૬/૭/૨૫ વિનયકાંત ધીરજલાલ ઘડિયાળી ના આત્માશ્રેયાર્થે અરુણાબેન શાહ તરફથી સ્નાત્ર પૂજા ભણાવીને રૂા. ૧૦૦૦ મંડળ ને ભેટ તથા રૂા. ૫૦/- ની પ્રભાવના કરેલ હતી.

૫. તા. ૨૬/૯/૨૫ અરવિંદભાઈ શાહ ના આત્માશ્રેયાર્થે કનકબેન તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવીને મંડળને રૂા.૧૧૦૦/- ભેટ તથા બહેનોને રૂા.૨૦૦/- પ્રભાવના

૬. તા.૨૯/૧૦/૨૫ શારદાબેન કિશોરભાઈ શાહ ના જન્મદિવસ નિમિત્તે માંટુગા વાસુપૂજ્ય સ્વામી દેરાસર માં પંચકલ્યાણક પૂજા ભણાવીને મંડળને રૂા.૨૫૦૦/- ભેટ તથા બહેનોને રૂા.૧૦૦/- ની પ્રભાવના કરેલ હતી.

### આગામી પરા મંડળોના વાર્ષિક કાર્યક્રમોની તારીખ નીચે પ્રમાણે છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-અંધેરી**
**નવી તા.૧૮-૧-૨૦૨૬**
**(તા.૯-૧૧-૨૦૨૫ કેન્સલ કરેલ છે)**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - મલાડ**
**તા.૨૪-૫-૨૦૨૬**

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ-અંધેરી ૪૬મો વાર્ષિકોત્સવ

**ગીત-સંગીતની મહેફીલ સાથે**
**રમૂજીનો બેતાજ બાદશાહ - નૌશાદ કોટડીયા**
**તા.૧૮-૧-૨૦૨૬ (રવિવાર) સવારે ૯.૩૦ કલાકે**
**-: સ્થળ :-**
**કિસનચંદ વાલેચા સભાગૃહ, કમલા રાહેજા કોલેજ,**
**વિદ્યાનિધી માર્ગ. જે.વી.પી.ડી. જુહુ**
**હેત પ્રીતનું ભોજન : બપોરે ૧.૦૦ કલાકે**

**પૂજ્ય માતુશ્રી સ્વ. અલ્કાબેન પ્રદ્યુમનભાઈ ગાંધી (અંધેરી-ઈસ્ટ) તાજેતરમાં વારાણસી મુકામે અરિહંત શરણ પામેલ છે, એ નિમિત્તેઃ**

**વર્ષ ૨૦૨૬ માં પ્રથમવાર 'વર્ધમાન તપની ઓળીનો પાયો' બેસાડનાર બૃહદ મુંબઈના દરેક ઝાલાવાડી જૈન રજિસ્ટર્ડ સભ્યને પ્રોત્સાહન રૂપે રૂ. ૫૦૦/- અર્પણ કરવામાં આવશે.**

**સંપર્કઃ ૯૮૯૨ ૮૧૯ ૪૭૮ ( ૮-૧૦ pm)**
**વિનંતીઃ ગાંધી પરિવાર (અંધેરી-ઈસ્ટ)**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ – મુંબઈ

**સંચાલીત : શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**
**યાત્રિક ભવન – પાલીતાણા**

### વૈશાખ સુદ - ૩ (અખાત્રીજ)

આગામી સંવત ૨૦૮૨ ના વૈશાખ સુદ - ૩ (અખાત્રીજ) માટે જે પરિવારોને આપણા યાત્રિક ભવનમાં બ્લોકની જરૂરિયાત હોય તેઓએ વૈશાખ સુદ - ૩ (અખાત્રીજ)ના પેકેજ માટે પોતાની અરજી શ્રી સંઘની અંધેરી ઓફિસે મોડામાં મોડી તા. ૧૫-૧-૨૬ ગુરૂવાર સાંજે ૪ વાગ્યા સુધીમાં પહોંચાડી દેવી. આવેલ અરજીઓ ઉપર કમિટી વિચારણા કરી તેની જાણ દરેકને તા.૧૭-૧-૨૬ શનિવાર સુધીમાં કરવામાં આવશે. દરેક દાતાઓને પણ ખાસ વિનંતી છે કે તેઓ પણ આપેલ સમય મર્યાદામાં અરજી મોકલી આપે.

વૈશાખસુદ-૨-વૈશાખસુદ-૩-વૈશાખસુદ-૫ તથા વૈશાખસુદ-૬ (વૈશાખ સુદ-૪ ક્ષય છે) તા.૧૯-૪-૨૦૨૬ થી ૨૨-૪-૨૬ (ચાર દિવસ) માંથી ત્રણ દિવસ આપે નક્કી કરવાનાં છે.

**પેકેજનો નકરો ઝાલાવાડી પરિવાર માટે**

| | |
|---|---|
| સાદા બ્લોકનો નકરો પાંચ બેડ | રૂા. ૨૪૦૦/- |
| સાદા બ્લોકનો નકરો બે બેડ | રૂા. ૧૨૦૦/- |
| એ.સી. બ્લોક પાંચ બેડ | રૂા. ૪૮૦૦/- |
| એ.સી. બ્લોક બે બેડ | રૂા. ૨૮૦૦/- |

**નિયમો :**

❖ દરેક અરજી સાથે સાદા બ્લોકના રૂા.૧૦૦૦/- અને એ.સી. બ્લોકના રૂા.૨૦૦૦/- રકમ ડીપોઝીટ પેટે ભરવાની રહેશે. જેમને બ્લોક ફાળવવામાં આવશે તેમણે બાકીની રકમ એક અઠવાડીયામાં ભરવાની રહેશે.

❖ ઝાલાવાડી સભ્ય પરિવારે ઝાલાવાડ સંઘનું ઓળખપત્ર (આઇ કાર્ડ) બીડવાનું રહેશે.

❖ ફાળવવામાં આવેલ બ્લોકો નોન ટ્રાન્સફરેબલ છે. જે પરિવારને આ બ્લોક ફાળવવામાં આવશે તેઓ અન્યને ફાળવી શકશે નહીં.

❖ બ્લોક જે પરિવારને ફાળવવામાં આવેલ હશે અને બાકીની રકમ ભરશે નહીં અને કેન્સલ કરાવશે તે તેમની ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે નહીં.

❖ જેમને બ્લોકની ફાળવણી કરવામાં આવી નહીં હોય તેમને ડીપોઝીટની પૂરી રકમ પાછી આપવામાં આવશે.

❖ ખાસ નોંધ લેશો કે કમિટિના નિર્ણયાનુસાર ઝાલાવાડી પરિવાર તથા નોન ઝાલાવાડી પરિવાર માટે નકરો અલગ અલગ રાખવામાં આવ્યો છે. કોઇપણ ઝાલાવાડી પરિવાર પોતાના નામે બુક કરાવેલ બ્લોક નોન ઝાલાવાડી પરિવારને આપી શકશે નહીં. પેકેજમાં ઝાલાવાડી પરિવારની આવેલ અરજીઓ બાદ કોઇપણ પ્રકારના બ્લોક વધતા હશે તો વહેલા તે પહેલાના ધોરણે અન્ય નોન ઝાલાવાડી પરિવારને ફાળવવામાં આવશે. અને તેમણે ઝાલાવાડી પરિવારનાં નકરા કરતા ૨૦ ટકા વધારીને નકરો આપવાનો રહેશે.

વૈશાખસુદ ૨ તથા ૩ નાં દિવસો દરમ્યાન નૌકારશી - બપોરનું ભોજન તથા સાંજના ચૌવિહાર કરાવવાનો જેમને પણ આ લાભ લેવો હોય તેમણે શ્રી સંઘની ઓફિસે : ૯૧૩૭૩૪૨૮૧૮ સંપર્ક કરવો.

**ટ્રસ્ટી ઇન્ચાર્જ : અરવિંદભાઈ કે. શાહ – ૭૦૨૧૬૧૨૭૨૯**
**કન્વીનર : શૈલેષભાઈ વી. શાહ – ૯૮૨૦૪૮૪૦૮૩**

**(અનુસંધાન કવર પેઈજ નં.૧ ઉપરથી)**

સંવત ૨૦૧૧માં સમાજરત્ન શેઠ શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ દ્વારા આ પત્રિકાના પ્રેરકદાતા બની આ પત્રિકાને આર્થિક પીઠબળ પૂરૂ પાડેલ. આ પત્રિકાના માધ્યમ દ્વારા આપણો સમાજ ખૂબજ નજદીક તો આવ્યો છે. પરિવારો જાણવા – ઓળખતા થયા અને એકબીજાને સહાયરૂપ ઉપયોગી થયા છે. આપણા સમાજનું મુખપત્ર આપણા સમાજ માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થયું છે. શ્રી સંઘ, યાત્રિકભવન–પાલીતાણા તથા ફાઉન્ડેશન, ઝેડ.બી.એફ., ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉપનગર મંડળો, મહિલા મંડળો તથા યુવા મંડળોની પ્રવૃત્તીઓની જાણકારી માટેનું આ ઉમદા માધ્યમ છે. પત્રિકાને શુભ પ્રસંગે અપાતી ભેટ દ્વારા સગપણ તથા લગ્ન પ્રસંગની માહિતી મળે છે. મુરતીયા–કન્યાઓની લગ્નવિષયક જાહેરખબર થકી યુવક–યુવતીઓની માહિતી પણ મળે છે. ઉપરાંત પત્રિકાને વાંચનસભર બનાવવા માટે સારા લેખો બોધાત્મક વાર્તાઓ, ઐતેહાસિક પ્રસંગો અને જનરલ નોલેજ વધે તે માટે માહિતી વગેરે પ્રકાશિત કરવામાં આવે છે. ઘણાં વર્ષો સુધી પત્રિકાના તંત્રી તરીકે સ્વ.શ્રી અનોપચંદભાઈ ખીમચંદ શાહે પત્રિકાના વિકાસમાં સિંહફાળો આપેલ છે. સમાજ માટે સમય કાઢી અથાગ પ્રયત્નોથી તંત્રી તરીકેની સેવા આપી. મુરબ્બી શ્રી અનોપચંદભાઈએ સમાજના પરિવારોને પત્રિકાની રાહ જોયા અને વાંચવા કર્યા છે. 'ઝાલાવાડ જૈન દર્શન' સુવર્ણ જયંતી અંક... આગામી માર્ચ ૨૦૨૬માં પત્રિકા શરૂ કર્યાને પચાસ વર્ષ પૂર્ણ થશે. ત્યારે એક સુંદર અને આકર્ષક કલરમાં બહાર પાડવામાં આવશે. આ અંક ૮૦ થી ૧૦૦ પેઈજનો હશે. શ્રી સંઘ મુખ્ય – મોટા કાર્યક્રમો. શ્રી સંઘ પચાસ વર્ષ ઝાંખી સાથે ઈતિહાસ, શ્રી સંઘની પ્રગતિ, વિકાસ અને ઉત્કર્ષનાં પત્રિકાનો ઐતેહાસિક સિંહફાળો સાથે વિશેષ દરની કલર જાહેર ખબરો સાથે પ્રકાશિત કરવામાં આવશે.

(વધુ વિગતો ફેબ્રુઆરી–૨૦૨૬નાં અંકમાં આપવામાં આવશે)

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈ**
**ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા દર મહીને ૪૫૦૦ કોપીમાં છપાશે**
**–: નવા જાહેરખબરના દર :–**

| | |
|---|---|
| છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના | રૂા.૮૦૦૦/- |
| અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના | રૂા.૭૦૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત | રૂા.૫૫૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત | રૂા.૨૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના | રૂા.૩૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના | રૂા.૧૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના | રૂા.૧૦૦૦/- |
| એક યુનિટ એક વખતના | રૂા.૬૦૦/- |
| એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૨૦૦૦/- |
| બે યુનિટ એક વખતના | રૂા.૫૦૦/- |
| બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૪૮૦૦/- |

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ

# ધાર્મિક શિક્ષણમાં જાગૃતિ એટલે સુવિકસિત સુરક્ષિત સમાજ

### ધાર્મિક શિક્ષણમાં યોગદાન...પુણ્ય કમાવવાનો સુંદર અવસર

સમાજ પરિવારનાં વિકાસ – સફળતામાં સૌથી મહત્વની અને અગત્યની બાબત કોઈ હોય તો તે સંસ્કારિતા અને ધાર્મિક સંસ્કારોનો વારસો છે. આ માટે કહી શકાય કે જેટલું સારૂ ધર્મ–સંસ્કારોનું સિંચન એટલાં જ સારા મીઠા ફળો સ્વરૂપ સફળ જીવનની મધુરતા.

ધર્મ સંસ્કારોનો વારસો ઉજ્જવલ બની રહે તે માટે જેટલી જવાબદારી માતાપિતા કે વડીલોની છે. તેટલી જ જવાબદારી પરિવારોની અને સમાજની પણ બને છે. અને તેમાં પણ સાધુ–સંતોનો પ્રભાવ વિશેષ હોય છે.

સમાજનું સુવિકસિત – સંસ્કારીત આયોજન હોય તો સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે છે. આપણા સમાજનાં પરિવારો સંસ્કાર, સંગઠન અને સંપથી ઉજળા બને છે. જેમાં પ્રગતિ – વિકાસ ઉત્તરોત્તર વધતા રહે છે. આમ જોઈએ તો વ્યક્તિ – પરિવારોથી તો સમાજ બને છે. એટલે તો ચોક્કસ કહી શકાય કે જેટલા વ્યક્તિઓ – પરિવારોનો વિકાસ એટલો વિકસિત સમાજ – સંગઠીત સમાજ – સમૃધ્ધ સમાજ... મજબૂત સમાજ.

હાલના આધુનિક અને ટેક્નોલોજીનાં યુગમાં શિક્ષણ (એજ્યુકેશન)માં ઘણી બધી પ્રગતિઓ વિકલ્પો જોવા મળેલ છે. તો આ ટેક્નોલોજીની વિપરીત અસરો પણ રહી છે. મોબાઈલ, ટેબલેટ, 'આઈ' પેડ, લેપટોપ, કોમ્પ્યુટરમાં સતત રાચતા રહેતા બાળકો વોટસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ ચેટીંગમાં એટલા વ્યસ્ત રહે છે, કે સાચા સંસ્કારો – ધર્મ શિક્ષણથી કાંઈક અંશે દૂર થતા જાય છે. કોઈપણ સમાજ માટે ધાર્મિક શિક્ષણ ખૂબ જ અગત્યનું અનિવાર્ય બને છે. આપણા શ્રી સંઘના અને સમાજનાં પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોમાં ધાર્મિક શિક્ષણનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે.

આપણા શ્રી સંઘ તરફથી આપણા સમાજનાં પરિવારોનાં બાળકોમાં ધાર્મિક શિક્ષણ ઉજ્જવળ બને તો આપણા સંઘ – સમાજમાં ધર્મની જાગૃતિ વધશે. આપણા સમાજમાં ધાર્મિક શિક્ષણનો વ્યાપ વધે તે માટે શ્રી સંઘ તરફથી ખૂબ સારા ઉત્તમોત્તમ પ્રયાસો સ્વરૂપ આયોજન થતા રહ્યા છે. આપણા શ્રી સંઘ તરફથી આપણા સભ્ય પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોને ધાર્મિક શિક્ષણ મહાસંઘની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ઉચ્ચ ગુણાંક મેળવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનારને અને અન્યોને આશ્વાસન પારિતોષિક આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેઓનું ઉચિત બહુમાન કરવામાં આવે છે.

આપણા શ્રી સંઘમાં ધાર્મિક શિક્ષણમાં ઉચ્ચ ગુણાંક મેળવનારનું ઉચિત બહુમાન કરવા સાથે તેઓને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટેના આયોજનના સ્વરૂપ માટેના પ્રેરકદાતા તરીકેના લાભ લેવા ઈચ્છતા ઉદારદિલ પરિવારોને નમ્ર વિનંતી કરીએ છીએ. **હાલમાં એક ઉદારદિલ ઝાલાવાડી પરિવાર તરફથી રૂા.૯ લાખમાં ઓફર આવેલ છે.** આ ઉમદા લાભ લેવાની જે કોઈ પરિવારની ભાવના હોય તો તેઓએ નીચે જણાવેલ વિગત ઉપર સંપર્ક કરશોજી.

મોબાઈલ નંબર : ૯૧૩૭૩૪૨૮૧૮

## ❖ ડીજીટલ ઝાલાવાડ ❖

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ ડીજીટલ યુગમાં પ્રવેશ : દરેક સુવિધા ઘેર બેઠા

સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ નંબર **૯૦૭૬૩૪૨૮૧૮ (Digital WhatsApp Chat bot No. 9076342818)** આપવામાં આવેલ છે.

આપણા સમાજની સંસ્થા શ્રી ઝાલાવાડ સંઘ / શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન / ઝાલાવાડ બીઝનેશ ફોરમ / ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ - માહિતીઓ સાથે યોજનાઓ - આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આપણા શ્રી સંઘની વેબસાઈટ : **www.zalawadjainsangh.org** ઉપર દરેક મહિનાની **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ મૂકવામાં આવે છે.

આપણા શ્રી સંઘ દ્વારા **WhatsApp Community Group** ચાલુ કરવામાં આવેલ છે. જે સભ્યશ્રીને ખાસ જોડાવવા વિનંતી. જોડાવા માટે નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો

**મિતેશભાઈ - ૯૮૨૦૮૯૯૨૩૯ પ્રતીકભાઈ - ૯૯૬૭૯૯૬૬૪૫**

# MULTIPLE INVESTMENTS

**Empowering Financial Freedom**

**Call: +91 8850 640 843**

www.multipleinvestments.in | multiplefinancial21@gmail.com

## Contact us for the following:

- Mutual Funds (SIPs)
- Fixed Deposits
- Mediclaim
- Life Insurance & Term Plan
- Tax Planning

Give Life To Your **Money** By Making it **Grow**

Please feel free to reach out to us at

**Deepali Ajmera**
+ 91 8850 640 843 (BE, MBA)

**Siddharth Ajmera**
+ 91 9820 812 302 (Chartered Accountant)

Address: 2301-2302, Infinity Elements, Liberty Garden, Malad (West), Mumbai- 400064



**કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ**
**સુકેતુભાઈ (જોરાવરનગર)**

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ / ૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

## નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.



Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra


(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara





Rajesh Shah
+91 - 9820518767

Nimit Shah
+91 - 8976179249



MARKO™
Write with pride...

# NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
- 022 - 28070424
Website : www.markopens.com

## કર્મની નિર્જરા કરનારી આયંબિલ તપની ઓળી

જૈનશાસનમાં આસો અને ચૈત્ર મહિનામાં આયંબિલની ઓળીની અખંડ મહિમા છે. આ ઓળીના દિવસોમાં હજારો પુણ્યાત્માઓ નવ-નવ દિવસની આયંબિલની ઓળીની સાથે નવપદજીની વિધિપૂર્વકની આરાધના કરીને પોતાના જીવનનું શ્રેય સાધે છે. આ આયંબિલ ઓળીની આરાધના કરનારા પુણ્યાત્માઓએ જિનપૂજા, દેવવંદન, પડિલેહણ, ગુરૂવંદના, સામાયિક, પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયાઆ કરવાની હોય છે. સાથોસાથ ઓળીના આ નવ દિવસોમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુદર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવપદમાંથી રોજેરોજ એક-એક પદની આરાધના, નિશ્ચૈચિત કરેલા ખમાસમણા, લોગસ્સના કાઉસગ્ગ, એ પદના જાપ, નવકારવાળી, સાથિયા વગેરેની વિધિ પણ કરવાની હોય છે.

આયંબિલની તપશ્ચર્યા એટલે રસત્યાગની તપશ્ચર્યા, રસત્યાગ એટલે સ્વાદનો ત્યાગ અર્થાત્ લુખ્ખો આહાર, રસેન્દ્રિય પર સંયમ મેળવ્યા વિના રસત્યાગ કરવો સહેલો નથી. આયંબિલ કરનારે દિવસમાં ફક્ત એક જ વાર એક જ આસન પર બેસીને ઘી, તેલ, ખાંડ, ગોળ ઈત્યાદિ પદાર્થો વિના સ્વાદેન્દ્રિયને તોફાની બનાવનાર ચટાકેદાર મસાલા વિનાનો લુખ્ખો આહાર લેવાનો હોય છે. એક દૃષ્ટિએ આયંબિલ કરતાં ઉપવાસ કરવો સહેલો અને સરળ છે. કારણ કે આયંબિલમાં તદ્દન લુખ્ખું ભોજન, ન ભાવતું ભોજન કરવાનું હોય છે. પરંતુ આયંબિલ કરવાની ઘરડથી સ્વાદેન્દ્રિય પર એક અસાધારણ કાબૂ મેળવી શકાય છે. આરાધકો માટે એ ઘણી મોટી ફળશ્રુતિ ગણી શકાય.

કર્મની નિર્જરા કરે, કર્મનો નાશ કરે એને જૈન શાસ્ત્રકારોના મતે તપશ્ચર્યા કહે છે. અનાદિકાળથી આત્મા અને કર્મના સંયોગો છે. જ્યાં સુધી એને જન્મ, જીવન અને મૃત્યુનાં દુઃખો ભોગવવાના જ રહે છે. જે જીવ મોક્ષપદનો ઈચ્છુક છે એણે પોતાના જીવનમાં સૌપ્રથમ તપશ્ચર્યાને સ્થાન આપવું આવશ્યક છે. જૈન શાસ્ત્રોમાં તપશ્ચર્યાના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે : (૧) બાહ્ય તપ અને (૨) આભ્યંતર તપ, જે તપ બીજા લોકો જોઈ શકે એને બાહ્ય તપ અને જે તપ બીજા લોકો જોઈ શકતા નથી એને આભ્યંતર તપ કહે છે. બાહ્ય તપના છ પ્રકાર છે : (૧) અનશન, (૨) ઉનોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ, (૬) સંલીનતા. આભ્યંતર તપના પણ છે પ્રકાર બતાવવામાં આવ્યા છે અને એ છે : (૧) પ્રાયશ્ચિત, (૨) ધ્યાન, (૩) વૈયાવૃત્ય, (૪) વિનય, (૫) વ્યુસર્ગ એટલે કે ત્યાગ કરવો અને (૬) સ્વાધ્યાય.

બાહ્ય તપના છ પ્રકારોમાં અનશનમાં એક ઉપવાસથી છ મહિનાના ઉપવાસ સુધીના તપને અનશન તપ કહે છે. આયંબિલ વગેરે તપનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. ભૂખ કરતાં આછું ખાવું એ ઉણોદરી તપ છે. વૃત્તિસંક્ષેપ તપનો સાધુ-સાધ્વીઓ માટે અર્થ છે. ભિક્ષાનો સંક્ષેપ. એટલે કે ગૃહસ્થોનાં ઘરોમાંથી પરિમિત ભિક્ષા ગ્રહણ કરવી. બીજો અર્થ છે ખાવાની વસ્તુઓની સંખ્યાનું નિયંત્રણ કરવું. રસત્યાગના તપમાં દૂધ, દહી, ગોળ, ઘી આદિ વસ્તુઓનો ત્યાગ કરવો. કાયક્લેશ તપમાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહેવું. સંલીનતા તપના ઈન્દ્રિય સંલીનતા અને નોઈન્દ્રિય સંલીનતા એમ બે પ્રકાર છે. શબ્દ, રૂપ, ગંધ અને સ્પર્શના વિષયોમાં જતી ઈન્દ્રિયોને રોકે એનું નામ ઈન્દ્રિય સંલીનતા. મનમાં જ્યારે ક્રોધ, માન, લોભ હોય ત્યારે એ મન સંલીન નથી હોતું. એને નોઈન્દ્રિય સંલીનતા કહે છે. છ પ્રકારના આભ્યંતર તપમાં પ્રાયશ્ચિત તપમાં ચિત્તશુદ્ધિ પર ભાર મુકાયો છે. ગુરૂદેવનાં ચરણોમાં પોતાના પાપોની આલોચન કરવી અને એ સાંભળીને ગુરૂદેવ જે પ્રાયશ્ચિત આપે એનું પાલન કરવું એ પ્રાયશ્ચિત તપ છે. ધ્યાનતપમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો એને ધ્યાનતપ કહે છે. વૈયાવૃત્ય તપમાં સાધુજનોની ખૂબજ વિનયથી વૈયાવચ્ચ સેવા કરવી એવી રીતે ગૃહસ્થો પણ માતા-પિતા, વડીલોની સેવા કરે એ વૈયાવૃત્ય તપ કહે છે. વ્યુત્સર્ગ એટલે ત્યાગ કરવો. આ તપમાં મિથ્યાદર્શન, કષાયો, કાયાની માયા વગેરેનો ત્યાગ કરવાનો છે. સ્વાધ્યાય તપમાં વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ છ પ્રકારનાં તપનો અમલ કરવાનો છે. નવ દિવસની આ આંયબિલની ઓળી ઉપરાંત વર્ધમાન તપની ઓળીનો પણ પ્રારંભ કરી શકાય. એમાં એક આયંબિલ, એક ઉપવાસ, એ ક્રમેસળંગ વીસ દિવસની આરાધના અને એ પછી એકસો કે એથી વધુ આયંબિલની ઓળી સુધી પહોંચી શકાય. આરાધકોએ પ્રયત્ન કરવા જોઈએ. તેમજ આગામી ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબીલ ઓળીનો લાભ આવા તપશ્ચર્યાના સુકૃતના શાસના કાર્યમાં શાશ્વત તીર્થ કરાવવાથી ઉત્તમોત્તમ ફળ પ્રાપ્તી થાય છે.


Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

Estd.-1931
J. LALDAS & Company
507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

# શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ – વઢવાણ

## અધતન સુવિધાયુક્ત, આધુનિકતાથી સજ્જ નવીનીકરણ પામતા પશુ દવાખાનાનાં તારીખ ૮ માર્ચ ૨૦૨૬નાં ઉદ્‌ઘાટન પ્રસંગે દાતાશ્રીઓ, શ્રેષ્ઠીઓ, જીવદયાપ્રેમીઓને

# આગોતરુ આમંત્રણ




ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં પુનિત પગલાંથી પાવન થયેલી પવિત્ર ભૂમિ એવી વર્ધમાનપૂરી નગરી (વઢવાણ)માં, ભગવાનનાં **''જીવો અને જીવવા દો''**નાં સંદેશને ઉજાગર કરવા સાથે જીવદયાની જ્યોતને ઝગમગતી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતી સંસ્થા **શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ - વઢવાણ**માં કાર્યરત **''પશુ દવાખાના''**નું દાતાશ્રીઓનાં આર્થિક સહયોગથી અધતન સુવિધાયુક્ત આધુનિકરણ થયેલ છે. અન્ય પશુઓ માટેની ચિકિત્સા સારવાર વ્યવસ્થાને પણ અતિ આધુનિક સુવિધાયુક્ત બનાવવામાં આવેલ છે. આ સંસ્થાનાં આંગણે સારવાર પામતા અબોલ જીવોને શાતા પમાડવા અંગેનાં ઉપરોક્ત ઉમદા કાર્ય માટે માતબર રકમનું દાન દાતાશ્રીઓએ સંસ્થાને આપીને મદદરૂપ થયેલ છો. આ **ઉદારદિલ દાતાશ્રીઓનાં વરદ્ હસ્તે** આ નવીનીકરણ પામેલ **''પશુ દવાખાના''**નું **તારીખ ૮ માર્ચ ૨૦૨૬ રવીવારનાં રોજ સવારે ૧૦ કલાકે** (વઢવાણ ખાતે વઢવાણ મહાજન પાંજરાપોળ સંકુલમાં) ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે, અમોને પ્રોત્સાહક બળ પુરૂ પાડવા માટે આપ દાતાશ્રીઓ, શ્રેષ્ઠીઓ, જીવદયાપ્રેમીઓ પધારશો. આપ સૌને અમો **આગોતરુ આમંત્રણ** પાઠવીએ છીએ.

## મુખ્યદાતા

**શ્રી સદ્‌ગુણાબેન સી. યુ. શાહ સાહેબ, હસ્તેઃ શ્રીમતી મિનળબેન રોહિતભાઈ શાહ**

## આધાર સ્થંભ દાતા

**શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર, હસ્તેઃ શ્રી નેમિષભાઈ, શ્રી કેતનભાઈ**

## આધાર સ્થંભ દાતા

**શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર, હસ્તેઃ શ્રીમતી નીતીબેન મેહુલભાઈ શાહ**

## તથા અન્ય દાતાશ્રીઓના હસ્તે

ઉદ્‌ઘાટન તા. ૮-૩-૨૦૨૬ રવીવાર સવારે ૧૦:૦૦ કલાકે

સ્થળ: શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ સંકુલ, શીયાણીની પોળ, વઢવાણ (સુરેન્દ્રનગર)

**: કાર્યવાહક મંડળ :**

જવાહરભાઈ મણીયાર - મો. ૯૮૯૯૨ ૧૪૮૬૬ (મુંબઈ), પરેશભાઈ શાહ - મો. ૯૮૨૪૪ ૮૪૬૨૯ (સુરેન્દ્રનગર)

# શ્રીમતી હેમલતાબેન કિર્તીભાઈ કોઠારીને

## શ્રધ્ધાંજલીના સુમન અર્પણ કરીએ....



આપણા સમાજના અગ્રગણ્ય સ્વ. શ્રી કિર્તીભાઈ અનોપચંદભાઈ કોઠારી (વઢવાણ–બોરીવલી)ના ધર્મપત્ની શ્રીમતી હેમલતાબેન બહોળા પરિવારને છોડીને અનંતની યાત્રાએ ચાલ્યા ગયા. શ્રી કિર્તીભાઈની હૈયાતીમાં સમાજ ઉપયોગી કાર્યો કરી શકે તે માટે તેઓને ઉત્તમ સાથ અને સહયોગ આપનાર પ્રેરકબળ આપી પ્રેરણામૂર્તી રહ્યા હતા.

શ્રી કિર્તીભાઈને તેમના કાર્યોથી અને આપણા સમાજને અનેકવાર માતબર રકમના આર્થિક યોગદાન અને શ્રી સંઘ, ફાઉન્ડેશન અને બોરીવલી મંડળમાં વિવિધ હોદ્દા પર રહી સેવાથી સમગ્ર સમાજ ઓળખે – પિછાણે છે. આવા સન્નારી શ્રીમતી હેમલતાબેનની ખોટ તેઓના પરિવાર સાથે આપણા સમાજને પણ ખોટ સાલશે. સરળ, શાંત સ્વભાવી શ્રીમતી હેમલતાબેનનું સમગ્ર જીવન સાદગીમય, ધર્મમય, સમતાભર્યું રહ્યું છે. કુટુંબ વાતસલ્ય સ્નેહી તેઓએ સંસ્કારોનો વારસો પરિવારને આપી કુટુંબ સંસ્કારો દિપાવ્યા છે.

મૂળ વઢવાણ નિવાસી માતુશ્રી વિજયાબેન માણેકલાલ શાહના સુપુત્રી હેમલતાબેનના લગ્ન ૧૯૭૦માં થયા હતા. દામપત્ય જીવનની શરૂઆત એક સંયુક્ત કુટુંબમાં ચાર ભાઈ–બહેનો અને સાસુ–સસરા સાથે એક નાના ફ્લેટમાં એકજ રસોડે જમતા. સંઘર્ષ, સાહસ સાથે ધીરજ અને પ્રગતિના પંથે પગરવા પાડતા. તેઓના દામ્પત્ય જીવનની શરૂઆતમાં શ્રી કીર્તીભાઈ ૧૯૭૪ થી ૧૯૭૭ સુધી નોકરી કરતા હતા. તેમના સમય સંજોગો પ્રમાણે આજ દિન સુધીમાં રહેણાંક બદલવા સાથે સંતાનોની ભણતર–ઉછેરની જવાબદારીઓ સંભાળતા આ સંઘર્ષકાળમાં શ્રીમતી હેમલતાબેન ધૈર્ય–ધીરજ સાથે સફળ ગૃહિણીની ભૂમિકા નિભાવી છે. એ સમયમાં એસ.એસ.સી. સુધી ભણેલા તેઓએ જીવન ગણતર સાર્થક કરીને સંતાનોનું સુંદર ઘડતર કરેલ છે.

શ્રી કિર્તીભાઈના જીવનસંગીની શ્રીમતી હેમલતાબેન ઉત્તમ જીવનસાથી તરીકે દામ્પત્ય જીવનની સફરમાં પતિનો પડછાયો બની હર સમય એક ઉત્કૃષ્ટ સહયોગી રહ્યા હતા. શ્રી કિર્તીભાઈના જીવનની સફળ યાત્રાનાં દરેક સારા–નરસા સમયની ક્ષણોને સંભાળીને સહીયારો આપનાર હેમલતાબેન એક મજબૂત મનનાં જીવનસાથી રહ્યા હતા. પુત્ર કેયુરભાઈ પુત્રવધુ ધરતી કેયુરભાઈ સુપુત્રી ભાવિકા ક્ષિતીજકુમાર શાહના આ પ્રેમાળ માતા એક ઉમદા વાત્સલ્યમૂર્તિ સૌના હૈયામાં વસ્યા હતા.

સદ્ગુણો, સંસ્કાર, ઉદારતા સહ સમભાવના ગુણોની સુવાસ પ્રસરાવવા સાથે તેઓ દુ:ખોથી કદી ડર્યા નથી. વ્યવહાર કદી ચૂક્યા નથી અને કર્મ કદી ભૂલ્યા નથી. જ્યારે પણ તેઓના દ્વારે ગયા હોઈએ ત્યારે તેઓના આદરભર્યા આવકાર સાથે શાંત, સરળ મૃદુ સ્વભાવી મહેંક સૌ કોઈએ અનુભવી છે. તેઓની પ્રત્યક્ષ હાજરીની ખોટ પૂરી શકાય એવી નથી. પરંતુ તેઓના આશીર્વાદ સતત સાથે છે. તેની ખાત્રી છે. શ્રધ્ધાંજલીનાં પુણ્યો અર્પણ કરતા પુણ્ય આત્માને હૃદયવંદના. દિવ્ય આત્માને પ્રભુ પરમશાંતી અર્પે એજ અભ્યર્થના.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ–મુંબઈ, શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશન**
**ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝાલાવાડ બીઝનેશ ફોરમ**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ શ્રધ્ધાંજલીના સુમન



### રૂપાવટી નિવાસી હાલ–કલ્યાણ
### શ્રી વિનુભાઈ મોહનલાલ શાહનો દેહવિલય

શ્રી ઝાલાવાડ સંઘનાં કલ્યાણ વિભાગમાંથી શ્રી વિનુભાઈ શાહે કમીટી મેમ્બર તરીકે દશ વર્ષ સુધી સેવા આપેલ છે. કલ્યાણમાં વસતા સભ્ય પરિવારો અને સાધર્મિક પરિવારો માટે કાર્યો કરી સેવા આપતા. શ્રી સંઘની દરેક મીટીંગમાં હાજરી આપી અનેક બાબતોમાં પોતાના વિચારો રજૂ કરી અભિપ્રાય આપતા હતા. સંઘના સમૂહલગ્ન, તપસ્વી બહુમાન જેવા કાર્યક્રમોમાં હાજરી આપી સેવા આપતા. યથાશક્તિ આર્થિક યોગદાન પણ આપતા હતા. આવા નિષ્ઠાવાન શ્રી વિનુભાઈ શાહ ૮૧ વર્ષની ઉમરે અરિહંત શરણ થયા તે બદલ પરિવારના દુ:ખમાં શ્રી સંઘ સહભાગી બને છે. તેમના આત્મા પરમશાંતી સાથે મોક્ષગતી પ્રાપ્ત થાય એજ અરિહંત પરમાત્માને પ્રાર્થના.



### વડોદ નિવાસી હાલ–ઘાટકોપર
### શ્રી ગીરધરલાલ અમીચંદ કુવાડીયાનો દેહવિલય

શ્રી ગીરધરભાઈ અમીચંદ કુવાડીયાના અરિહંતશરણ થવાથી શ્રી સંઘ કારોબારી સમિતી – ટ્રસ્ટીશ્રીઓ દુ:ખ અનુભવે છે. શ્રી ગીરધરભાઈ કુવાડીયા ઘણા વર્ષો સુધી સંઘ કારોબારી સમિતીમાં રહી સેવા આપેલ છે. તેમજ શ્રી ઝાલાવાડ મંડળ–ઘાટકોપરમાં કારોબારી સભ્ય અને ખજાનચી તરીકે સેવા આપેલ છે. ઘાટકોપરની સંસ્થાઓમાં સમય કાઢી નિષ્ઠાપૂર્વક જવાબદારી લઈ કાર્યો પૂર્ણ કરતા. તેમના સકારાત્મક વિચારો–અભિપ્રાયો ઘણાંજ ઉપયોગી રહેતા લાયન્સ કલબમાં ૪૩ વર્ષની સેવા બદલ બેસ્ટ સર્વિસ ઉવોર્ડ મળેલ, કુવાડીયા કુટુંબ મિત્ર મંડળ વગેરે જેવી સંસ્થા વિવિધ હોદ્દા પર રહી નિષ્ઠાપૂર્વક સેવા આપેલ. તેમની દીર્ઘકાલીન સેવાઓ હંમેશ યાદ રહેશે. શ્રી સંઘ પરિવાર પર આવેલ દુ:ખમાં સહભાગી થાય છે. તેમને શ્રધ્ધાંજલી આપે છે. સદ્ગતનો આત્મા પરંપરાએ મોક્ષપદ પ્રાપ્ત કરે એજ પ્રભુને પ્રાર્થના.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ–મુંબઈ**
**કારોબારી સમિતીના જય જિનેન્દ્ર**

સમાજ સેવાની ઉજ્જવળ પરંપરા... ઉત્કર્ષ, પ્રગતિ અને વિકાસમાં યોગદાન...

### સમાજ સમર્પિત વ્યક્તિવિશેષ પ્રતિભા

# શ્રી રસીકભાઈ અમૃતલાલ મણીયારની વસમી વિદાય

### વઢવાણ નિવાસી હાલ વાલકેશ્વર – મુંબઈ



શ્રી રસિકભાઈ એક એવી વ્યક્તિ હતા કે જેમને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં સેવાનું એકાદ કામ કરવાની તક ન મળે તો રાત્રે ચેનથી સૂઈ ન શકે. સેવા અને તેમાંયે માનવસેવાના ભેખધારી એવા શ્રી રસિકભાઈ મણીયાર ખરેખર સમાજની અણમોલ મૂડી સમાન હતા. સામાજિક કાર્ય માટેની તેમની ધગશ અને ખંત ખરેખર પ્રશંસનીય હતી.

પિતાશ્રી સમાજરત્ન શ્રી અમૃતલાલભાઈએ શૂન્યમાંથી જે સર્જન કર્યું તે તેઓએ નજરોનજર નિહાળ્યું હતું. સખત પરિશ્રમથી અનેક ઝંઝાવાતો સામે અડીખમ ઊભા રહી જીવનની આ મંઝિલે પહોંચ્યા હતા અને પિતાશ્રી અને માતુશ્રીના વાવેલા સંસ્કારોને દિપાવેલા હતા. સમાજ પ્રત્યેની ભાવના – સમાજનુ ઋણ અદા કરવાની ઉત્કંઠા તેમના જીવનમાં છલોછલ ભરેલી હતી.

શ્રી રસીકભાઈ ઘણી વખત મનની વાત રજૂ કરતાં કહેતા કે,‘‘દરેકનો વિચાર સાચો છે. દરેકનો રસ્તો સાચો છે. દરેકના જીવનમાં સુખ પણ છે અને દુ:ખ પણ છે આપણે તેની સરખામણી ન કરીએ. વસવસો ન કરીએ. જે છે તે સારું છે અને જેવા છીએ તેવા સારા છીએ. દરેકે પોતાનો રસ્તો લઈને આગળ જવાનું છે અને તેમાં જ સૌનો આનંદ છે.’’

તેઓ ખરેખર સમર્પણ–સાદગીના જીવંત પ્રતિમા સમા હતા. શ્રી રસીકભાઈના જીવનમાં માતુશ્રી મંગળાબેને સંસ્કારોનું ભરપૂર સિંચન કર્યું તો ધર્મપત્ની સુશીલાબેનનો સથવારો અવશ્ય હોય જ.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશનના ૨૦૨૦માં સ્થાપના થયાને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી વર્ષમાં યોગાનુયોગ તેઓશ્રી ચેરમેન પદે હતા.

સદાયે હસતો અને મીઠો આવકારો જેના જીવનમાં વણાયેલા હતા એવા મોટાને પણ વિચાર કરતાં કરી શકે તેવા ઉમદા વિચારોથી ભરેલા શ્રી રસીકભાઈ મણીયાર ખરેખર ‘મણીયાર પરિવાર’ની આગવી પ્રતિભાના પ્રતિક સમાન હતા. સદાયે શાંત ચિત્તે અન્યને સાંભળવા એ એમના જીવનનું સૂત્ર હતું. પરિવારના સેવાના દરેક કાર્યમાં પૂરક બની રહેવું એ એમની લાક્ષણીકતા હતી. દરેક જગ્યાએ પ્રસંગમાં હાજર રહેવું એ તેમની ફરજ સમજતા. સમાજના દરેક કાર્યમાં અગ્રેસર, દરેક કાર્યના પ્રેરક બનવું એ એમનું કર્તવ્ય. કોઈ જ પ્રકારની મોટપ નહી. કોઈ જ પ્રકારનો આડંબર નહિ.‘‘જેવા છીએ તેવા દેખાવું’’ તેજ તેમનો ગુરુમંત્ર.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ–મુંબઈ, શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશનમાં વિવિધ હોદ્દા પર રહી અને કારોબારી સભ્ય તેમજ પાલીતાણાની શત્રુંજય હોસ્પિટલનું છેલ્લા ૪૦ વર્ષથી વધારે સમયથી ચેરમેન રહી વહીવટી સંચાલન જે તેમના જીવનનું શ્રેષ્ઠ ઉદાહરણ તદ્‌ઉપરાંત ‘મંગળ અમૃત’ મણીયાર નગરના સર્જનમાં સાથ–સહકાર આપી અવિસ્મરણીય માતબર રકમનો ફાળો આપ્યો છે. અનેક સાધર્મિક પરિવારોને કાયમી આશરો આપી સહાયરૂપ બન્યા હતા. આ નગરનાં નિર્માણમાં તેઓના પરિવારે આર્થિક યોગદાન આપ્યું અને ઘણી મોટી રકમના યોગદાન લાવી આપ્યા હતા. આ સેવાના ભેખધારી શ્રી રસિકભાઈની અણમોલ સેવાને યાદ કરી બિરદાવીએ છીએ. વિતરાગ પરમાત્મા તેઓનો આત્મા પરંપરાએ મોક્ષગતી પ્રાપ્ત કરે એજ પ્રાર્થના.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ–મુંબઈ** — **શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશન**

**ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ** — **ઝાલાવાડ બીઝનેશ ફોરમ**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈના જુના જોગી એવા પીઢ અનુભવી ભૂતપૂર્વ ઉપપ્રમુખ

# શ્રી કાન્તીલાલ જીવરાજભાઈ માથુકીયાના ૯૫ વર્ષે વિદાય



વતન વીંછીયાના કર્મઠ – સેવાના ભેખધારી શ્રી જીવરાજભાઈ સોમચંદભાઈ માથુકીયાના સુપુત્ર શ્રી કાન્તીલાલ જીવરાજભાઈ માથુકીયા માત્ર ઝાલાવાડી સમાજના જ નહિં પરંતુ સમગ્ર જૈન સમાજના આદરપાત્ર વ્યક્તિ હતા.

વતન વીંછીયાથી અભ્યાસાર્થે મુંબઈ આવ્યા. મોહમયી મુંબઈ નગરીમાં ગ્રેજ્યુએશન કરી થોડો વખત મલાડની અમેરીકન સ્પ્રીંગ જેવી જાણીતી કંપનીમાં સર્વિસ કરી. આપ બળે પોતાના પગ ઉપર ઊભા રહેવાના સંકલ્પ સાથે મલાડમાં ફાઉન્ડ્રી કરી અને ધીરે ધીરે ઉત્પાદન ક્ષેત્રે ઘણી જ પ્રગતિ કરી.

આવા સાહસિક પરિવારના મોભીએ સૌથી પ્રથમ પોતાના પરિવારજનોને એક પછી એક મુંબઈ બોલાવી ભણાવ્યા અને કામધંધે વળગાડ્યા. શ્રી કાન્તીભાઈ માથુકીયાની જાહેર કારકિર્દી મલાડથી શરૂ થઈ. શ્રી મલાડ જૈન યુવક મંડળમાં સક્રિયપણે કામ કર્યું અને શ્રી મલાડ જૈન યુવક મંડળ મેડીકલ રીલીફ સેન્ટરની સ્થાપના કરી. આજે ઉપનગરમાં મલાડનું આ જૈન ક્લીનીક – કોઈપણ જાતના નાતજાતના ભેદભાવ વગર લોકોની મેડીકલ ક્ષેત્રે અણમોલ સેવા કરે છે.

શ્રી કાન્તીભાઈ આજે છેલ્લા ૬૦ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા હતા. મલાડમાં ધૂણી ધખાવીને બેઠેલા આ કર્મઠ કર્મયોગીએ આપણા સંઘમાં એંસીના દાયકામાં કમિટી સભ્ય તરીકે પ્રવેશ કર્યો. અને પોતાની કાર્યશક્તિને અનુરૂપ વર્ષો સુધી સંઘના મંત્રી તરીકે સેવાઓ આપ્યા બાદ ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપેલ. 'માથુકીયા' ના હુલામણા નામે જાણીતા કાન્તીભાઈ ૯૩ વર્ષની ઉંમરે ખુબજ કાર્યરત હતા. શ્રી સંઘને ખૂબજ ઉપયોગી સેવાઓ આપી રહ્યા હતા. સમૂહલગ્નની પ્રથા શરૂ થઈ ત્યારે શરૂઆતમાં દામોદરવાડીમાં સક્રિયપણે આ પ્રયોગને સફળ બનાવવા કાર્ય કર્યું. તેઓની સેવાની કદરરૂપે મહારાષ્ટ્ર સરકારે તેઓને S.E.M. પદવીથી ગૌરવાન્વિત કર્યા હતા. તેઓશ્રી વિંછીયા કેળવણી મંડળના પ્રમુખ તરીકે શૈક્ષણિક ક્ષેત્રે ઉમદા કાર્ય કરી રહ્યા હતા. થોડા વર્ષ પહેલાં વિંછીયામાં નૂતન હાઈસ્કૂલના નિર્માણમાં ખૂબજ અગત્યની ભૂમિકા અદા કરેલ હતી.

